

# વરખ

## નરકનો સરળ માર્ગ

લેખક : નવીનચંદ્ર કેશવલાલ કાપડીયા

**સમર્પણ**

## શ્રી ચતુર્વિધ સંઘને

વાંચો અને બીજાને વંચાવો.
જીવ બચાવો અને પુણ્ય કમાઓ.

**શુભેચ્છાસહ**

**નવીનચંદ્ર કેશવલાલ કાપડીયા**
32, વિઠ્ઠલદાસ રોડ, 8, દેવકરણ મેનશન, બીજે માળે,
મુંબઈ-400 002. ફોન : 2201 2824

**પ્રકાશક**

**વતિ : આનંદઘન પરમશ્રુત પ્રભાવક મંડળ**
ગિરિરાજ જ્ઞાનમંદિર તળેટી રોડ, પાલીતાણા.
ફોન : 02848-253230 મો.: 9924330160

કિંમત : સદ્ઉપયોગ

ARAN
Arjun Soc
Chanakyapuri Over Bridge,
AHMEDABAD. (Guj.) Pin 38
(M) 9601529519, 942981062



# વરખ

## નરકનો સરળ માર્ગ

લેખક : નવીનચંદ્ર કેશવલાલ કાપડીયા

# પ્રસ્તાવના

વરખ બાબત સત્ય જાણકારી જૈન સમાજ સામે રજુ કરવા સીવાયબીજો કોઇ આશય નથી. તમે જો સત્ય સ્વીકારો તો તમારા લાભમાં છે અને ન સ્વીકારો તો તમે જ ભોક્તા છો. તમે પોતે ચકાસણી કરી શકો છો કે સત્ય શું છે? ઘણા લોકોએ ચકાસણી કરી પછી જ વરખ બનાવવાની પ્રક્રિયા જણાવેલ છે તે સત્ય હકીકત છે. છતાં પણ તેનો સ્વીકાર કરવો તે તમારા પોતાના પર છે.

આ પુસ્તકનો હેતુ લોકોને જાગૃત કરવાનો છે કે આપણે જાણ્યે-અજાણ્યે જે વસ્તુનો ઉપયોગ કરીએ *છીએ તેની પાછળ કેટલા પ્રમાણમાં જીવ હિંસા થાય* છે અથવા તમે તમારી સાથેના જગતનાં અન્ય જીવોને કેટલો ભય; ત્રાસ કે પિડા આપો છો તે પ્રત્યેક જાગૃત કરવાનો છે.

જીવન જીવવાની આપણી પધ્ધતી જો થોડીક બદલી શકીએ તો ઘણી હદે હિંસાને આપણા જીવનમાં પ્રવેશતા રોકી શકીએ. આ સમયમાં નિર્દોષ અને કોઇને પણ પીડારહિત જીવન જીવવા માટે બસ થોડાક જાગૃત થવાની જરૂર છે.

જન જાગૃતિ અભિયાન ચલાવતા શ્રી વિનેશ મામણીયા એ બનાવેલ પેમ્પલેટ માંથી ફોટાઓ અને તેની વિગતો લેવામાં આવી છે. તો તે બદલ અમો તેમના આભારી છીએ.

# વરખ

વરખ બનાવવાની પ્રક્રિયા કતલખાનાથી શરૂ થાય છે. વરખ શબ્દ સંસ્કૃત પ્રાકૃત અર્ધમાગધી હિન્દી અથવા હિન્દુસ્તાનની કોઇ ભાષાનો તેમજ કોઇ ધર્મમાં શબ્દ નથી જેથી પુરાણા જમાનામાં વરખ જેવી કોઇ ચીજ હિન્દુસ્તાનમાં બનતી ન હતી. જેનો કોઇ શાસ્ત્રમાં ઉલ્લેખ પણ નથી જેથી હિન્દુસ્તાનમાં મંદિરો, ખાવાના પદાર્થો પર, ભગવાનની પ્રતિમા પર લગાડવાનો ક્યાંય ઉલ્લેખ નથી. વરખનો સંબંધ ભારતની કોઇ સંસ્કૃતિ જોડે નથી કારણ કે તે મોગલ સામ્રાજ્ય આવ્યાની સાથે આવેલ છે. જેથી વરખને ભારતની આર્ય સંસ્કૃતિ જોડે તેમજ ધાર્મિક ક્રિયાઓ જોડે સાંકળવી તે ધર્મના સત્ય જોડે સંગત નથી. પણ અધર્મ છે. વરખ આરબી ભાષાનો શબ્દ છે. તેને સોના, ચાંદી આદિ એક ખાસ ક્રિયા દ્વારા બનાવવામાં આવે છે.

વરખ બનાવવાની પ્રક્રિયા ઘણી જ ક્રૂર છે. ગાય, બળદ, વાછરડા, બકરાં, ઘેટા, ને કતલ કરી તેનાં આંતરડાને લોહી માંસ સાથે તીક્ષ્ણ હથિયાર વડે ખેંચીને બહાર કાઢવામાં આવે છે. તે આંતરડાના ટુકડા કરવામાં આવે છે તેમાંથી માંસપોથી તૈયાર કરવામાં આવે છે આવી પોથીમાં ચાંદીની પતરી ગોઠવવામાં આવે છે, ત્યારબાદ તેને હથોડાથી ટીપવામાં આવે છે. પરિણામે ચાંદીની ફોઇલ તૈયાર થાય છે. આવી પોથીમાં વરખને અભડાવતું ગૌમાસનું રક્ત પણ હોય છે. આ પ્રક્રિયા ઘણી જ ક્રૂર છે, અને હિંસક લોકો જ વરખ બનાવે છે. પાયધુની, જોગેશ્વરી તેમજ ગોરેગાંવ, બીજી અનેક જગ્યાએ જાતે જઇને ચકાસણી કરી શકાશે. આ સત્ય હકીકત છે.

=અભિયાન પાના નં. 37-4 થી સપ્ટેમ્બર, 1999 માં વિનોદ પંડ્યા લખે છે કે વાસ્તવમાં આ વરખનું ઉત્પાદન ગોરેગાંવ-જોગેશ્વરી વચ્ચેના ફાટક નજીક મુસ્લિમ કારીગરો દ્વારા થાય છે. તેઓ તાજા જન્મેલા ઘેટાનાં બચ્ચાને કાપીને તેના કુમળા ચામડા વચ્ચે ચાંદીની ગોળી મૂકી લાકડાના મોટા હથોડાથી ટીપે છે. ઘેટાનું ચામડુ ન મળે તો વાછરડાને કાપીને તેના

આંતરડાની વચ્ચે ચાંદી ટીપીને વરખ બનાવાય છે. વરખ બનાવતી વેળા કુમાશ ચામડામા ચોક્કસ પ્રકારની કુમાશ નહીં રહેવાને કારણે થોડી વરખ બનાવ્યા પછી નવું ચામડું લેવું પડે છે અને તેને માટે ઘેટાનું નવું બચ્ચુ મારી નાખવું પડે છે.

સ્વામિનારાયણ પ્રકાશ પાનું 21 માર્ચ 2000 માં જણાવેલ છે કે આ વરખ બનાવવાની પ્રક્રિયા અત્યંત ક્રૂર છે. આ વરખ બનાવવામાં ગાયના આંતરડાની ચામડીનો ઉપયોગ કરવામાં આવે છે અને તેથી જ શાકાહારમાં માનનાર વ્યક્તિ માટે સંપૂર્ણપણે અભક્ષ્ય બને છે.

મુંબઇ સમાચાર મંગળવાર તા.14/3/2000 માં જૈન સમાચાર સંકલન શ્રી મહેન્દ્ર પુનાતર લખે છે કે જૈન દેરાસરોમાં અને પૂજાપાઠ પ્રસંગે ચાંદીના વરખનો ખૂબજ મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે. તાજેતરમાં અમદાવાદમાં કેટલાક જૈન આચાર્યોએ ચાંદીના વરખનો ઉપયોગ બંધ કરવા આદેશ આપ્યો છે. ચાંદીનો વરખ બળદનાં આંતરડામાંથી નીકળતા પ્રવાહ થી બનાવવામાં આવે છે. જેનો અહિંસા પ્રેમી જૈન સમાજ કેમ ઉપયોગ કરી શકે? મહાવીર ભગવાનની મૂર્તિ પર તેમજ પૂજાપાઠ વખતે ફળફળાદી ઉપર ચાંદીના વરખ લગાવવાની પરંપરાગત પધ્ધતિ પર નિષેધ રાખવાનો સમય પાકી ગયો છે. જૈન સમાજ પ્રત્યક્ષ-પરોક્ષ આ અહિંસા લક્ષી કાર્યમાં જોડાઇ પાપમાં ભાગીદાર ન બને તે જરૂરી છે. એમ કુલીનકાંત ચાંપશી લુઠિયા અને હરિહર પટેલે એક નિવેદનમાં જણાવ્યું છે.

પ. પૂ. આચાર્ય મહારાજ સાહેબ પણ આદેશ આપે કે વરખ શ્રી ભગવંતની પ્રતિમા પર ન લગાડાય અને વરખ વાળી કોઇપણ ખાધ્ય વસ્તુ ન વપરાય. ઉપરના મુંબઈ સમાચાર ના સમાચાર મુજબ આપણે જૈનોએ તેનો અમલ જરૂરથી તુરંતજ કરવો જોઇએ અને દરેક સંઘે અને દરેક જૈન દેરાસરના ટ્રસ્ટીઓએ વરખ પર પ્રતીબંધ મૂકવાનો નિર્ણય તુરંતજ કરવો જોઇએ. જેટલો જલ્દીથી અમલ કરાશો તેટલી હિંસા અટકશે માટે સમય ખૂબજ અગત્યનો છે.

ધી ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના 24મી જુન 2001 માં તેને તેના ધી બોમ્બે ટાઈમ્સ સેક્સનમાં જણાવેલ છે કે વરખ બનાવવા માટે છ લાખથી વધુ જાનવરોની હત્યા કરવામાં આવે છે.

નેમિચંદ જૈન તેમના પુસ્તકમાં "વરખ માંસાહાર હૈ" માં વરખની બનાવટ વિષે જણાવે છે કે વરખ બનાવવા જે ઝિલ્લી છે. પછી આ ઝિલ્લીની બુક બનાવવામાં આવે છે. ઝિલ્લીની બુકને બકરાના ખાસ ચામડાની બનાવેલી બેગમાં રાખી સીલ કરી તેને ટીપવામાં આવે છે, આમ વરખ નિમિત્તે હજારો ઘેંટા, બકરા મારવામાં આવે છે સત્ય હકિકત એ છે કે વરખની બનાવટ વખતે તે ટીપાય છે તો ઘેંટા, બકરાના ચામડામાંજ જેને ગટ કહેવાય છે

વરખ આટલી બધી ક્રૂર રીતે હત્યા કરી અને અસંખ્ય જાનવરોની હત્યાકારી, કતલકરી બનાવવામાં આવે છે. તે સત્ય હકીકત જાણવા છતાપણ તે ખાદ્ય વસ્તુઓ પર લગાડી ખાવાની મનાઈ કરતા નથી કારણ કે વરખ અભક્ષ્ય છે હિંસક રીતે બને છે. હિંસક લોકો બનાવે છે. આ સત્ય હકીકત જાણીને વરખવાળી મીઠાઈ અભક્ષ્ય છે માટે ઉપભોગ થાય નહીં. તેમજ ધર્મની બધી જ ક્રિયાઓમાં તેનો ઉપયોગ થાય નહી.

આવી ક્રૂર રીતે બનેલ વરખ અને હિંસક લોકોના હાથે બનેલ વરખ અને લાખો જાનવરોની કતલ કરી બનાવેલ વરખ શ્રી જિનેશ્વરની પ્રતિમા પર કેવી રીતે લગાડી શકાય એક તો તે અભક્ષ્ય છે માટે પ્રતિમા પર લગાડી શકાય નહી. ભાવધર્મના નામે સત્ય હકીકતની અવગણના કરી વરખના ઉપયોગને બંધ કરાવતા નથી. આવી ક્રૂર રીતે બનેલા વરખ શ્રી ભગવંતની પ્રતિમા પર લગાડીને કેવા પ્રકારનો ભાવ ઉત્પન્ન થઈ શકે. કર્મોની નીર્જરા નો ભાવ શક્ય નથી કારણ કે હિંસાથી બનેલ વરખ શ્રી પ્રતિમાજી પર છે, તેથી ફક્ત જન્મો જન્મના ફેરા ફરવાના બંધન બાંધી શકાય છે.

વરખ અહિંસક રીતે બને છે તેમ વરખના ટેકેદારો દ્વારા કહેવડાવામાં આવે છે. પણ આવા અહિંસક વરખ ક્યાં બને છે, કેવી રીતે બને છે તે

દેખાડવા તૈયાર નથી તેવું સર્ટીફીકેટ આપવા પણ તૈયાર નથી. કારણકે વરખ અહિંસક રીતે બનાવવાની દુનીયામાં કોઈ રીત નથી. ફક્ત એક જ રીતે વરક બને છે તે ક્રૂર અને હિંસક છે બાકી બીજી કોઇ રીતે નથી. માટે ઢાકપીછોડો કરવા ખોટી વાતો ફેલાવે છે. સોનુ, ચાંદી પવિત્ર ધાતુ ગણાય છે પણ જે રીતે તેમાંથી ક્રૂર રીતે બનતા વરખ તેની પવિત્રતા રહેવા દેતા નથી.

ઉપરોક્ત સત્ય હકીકત છે શ્રી ભગવાન મહાવીર સત્યના ઉપાશક અને તેમનો પ્રરૂપિત ધર્મ સત્ય પર આધારિત હોવા છતા આપણે સત્ય સ્વીકારવા તૈયાર નથી. વરખ અભક્ષ્ય છે ને છે જ માટે વરખવાળી કોઇપણ ખાધ્ય ચીજનો ઉપયોગ થઇ જ શકે નહી. તેમજ દેરાસરમાં થતા પૂજનો માટે વપરાતી વસ્તુઓ પર ઉપયોગ કરવો જોઇએ નહી. આ સત્ય હકીકત જાણવા છતા તેનો ઉપભોગ એન ઉપયોગ ન કરવો તેવું શ્રી ચતુવિધિ સંઘ ઢંઢેરો પીટાવીને આદેશ આપતા નથી. સર્વે જૈનોએ પ્રતિજ્ઞા લેવી જોઇએ કે વરખવાળી મીઠાઇ અભક્ષ્ય છે માટે અમે તેનો આજીવન ઉપભોગ અને ઉપયોગ કરીશું નહી. ત્યારે જ તમે શ્રી મહાવીર ભગવંતના સત્ય ધર્મને અનુસરશો. માટે શ્રી ચતુર્વિધિ સંઘની વરખ ન વાપરવા માટે આદેશ આપવો તે તેમની જવાબદારી, ફરજ અને ધર્મ છે.

આવી ક્રૂર રીતે બનતા વરખનો ઉપયોગ અને ઉપભોગ કરનાર પોતે જ દોષનો ભોગ બને છે. તેઓ પોતે જ પાપકર્માન ભાગીદાર બને છે. કોઇ ભાવધર્મ તેને આ કર્મના ભાગીદાર થતા બચાવી શકશે નહી. વરખ વાપરનાર પોતે જ, બીજો કોઇ નહી તેનો કર્મ બંધન કરનાર થાય છે અને તેનો ભોક્તા પણ બનશે. ધ્યેય ગમે તેટલું ઉંચુ હોય પણ ક્રિયા હિંસાને સાથ આપનારી હોય તો તે ક્રિયા નથી પણ બાધક છે.

વરખ હિંસક રીતે જ બને છે તે બનાવવાની બીજી કોઇ અહિંસક રીત નથી માટે તમે તમારા આત્માને સવાલ પૂછો કે જે વરખ બનાવવામાં લાખો જીવોની હિંસા થાય છે તે મીઠાઇ પર લગાડી કેવી રીતે ખવાય? માંસની પોથીમાં મૂકીને વરખ બને છે માટે અભક્ષ્ય અને હિંસક રીતે જ

બને છે માટે તે જિન પ્રતિમા પર કેવી રીતે લગાડાય તે સવાલ તમારા આત્માને પૂછજો? દ્રવ્ય ધર્મ અને ભાવ ધર્મ કર્મની નિર્જરા માટે છે. હિંસક રીતે બનેલ વરખ શ્રી ભગવંતની પ્રતિમા પર લગાડી તમે ભાવ ધર્મ જગાડી કર્મની નિર્જરા કરી શકશો. તે સવાલ તમારા આત્માને પૂછજો? લાખો જીવોની હિંસા તમારી આંખ સમક્ષ આવ્યા કરશે આંખો બંધ કરી આત્માને પૂછજો કે કર્મોની નિર્જરા થશે કે જન્મોજન્મના આ સંસારના બંધન થશે?

પધ્ધતિ પર નિષેધ રાખવાનો સમય પાકી ગયો છે. જૈન સમાજ પ્રત્યક્ષ-પરોક્ષ આ હિંસાલક્ષી કાર્યેમાં જોડાઈ પાપમાં ભાગીદાર ન બને એ જરૂરી છે.

શ્રી ભગવંત અહિંસા પરમો-ધર્મ કહેલ છે. તેઓએ ધર્મની દેશના આપી છે. આજ્ઞા આપેલ નથી. તેમને કહેલ છે કે સત્યનો અનુભવ કરો તે ધર્મ છે. માટે તમારે સત્યનો અનુભવ કરી ધર્મને સ્વીકારવાનો છે. અંધશ્રધ્ધા ને ધર્મ કહેલ નથી. તો આપ વિચારશો અને વિચારીને આપે જ નિર્ણય લેવાનો છે.

ભગવાનના ગુણોની અપૂર્વતા લક્ષમાં આવ્યા વિના ભક્તિભાવ પ્રગટે નહી. લાખો જીવોની હિંસા કરી બનાવેલ વરખ શ્રી જિન પ્રતિમા પર લગાડી ભાવધર્મ કેવી રીતે ઉત્પન્ન થાય.

હિંસાથી બનેલ વરખ લગાડવાથી શ્રી જિનેશ્વર ભગવંતના ગુણોના અપૂર્વતા ઢંકાઇ જાય છે.

શ્રી જિન ભગવંતનું ભક્તિ કરવા યોગ્ય સહજતા સ્વરૂપ સમજ્યા વિના તેની અપૂર્વતા લક્ષમાં આવે નહીં. ભગવાનના ગુણોની અપૂર્વતા લક્ષમાં આવ્યા વિના ભક્તિભાવ પ્રગટે નહીં અને ભક્તિભાવ વિના કલ્યાણ કેમ થાય?

ભાવધર્મ માટે વરખને બદલે ઘણી સરળ અને સુંદર રીતે આંગી થઇ શકે છે. જો શ્રી ભગવંતની પ્રતિમા ઉપર ચાંદીનું ખોખુ બનાવી મૂકવામાં આવે અને તે જ ખોખા પર આંગી કરવામાં આવે તો ઘણી જ સુંદર આંગી

થઇ શકે અને વધારે ભાવધર્મ જગાડે તેવી થઇ શકે છે. જેથી હિંસક રીતે બનતા વરખનો ઉપયોગ કરવાનો ના રહે. ચાંદીનું ખોખુ બનાવવાથી બે લાભ થાય છે એક તો વરખ વાપરવાના ના રહે અને બીજો સૌથી વધુ લાભ શ્રી ભગવંતની પ્રતિમા લાંબા કાળ સુધી સચવાય.

જૈન દેરાસરોમાં અને પૂજાપાઠ પ્રસંગે વરખનો બહુ જ મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે. તાજેતરમાં અમદાવાદમાં કેટલાક જૈનાચાર્યોએ વરખનો ઉપયોગ કરવાનું બંધ કરવા આદેશ આપ્યો છે. વરખ બળદના આંતરડામાંથી પોથી બનાવી તેને ટીપીને બનાવવામાં આવે છે. જેનો અહિંસાપ્રેમી જૈન સમાજ કેમ ઉપયોગ કરી શકે? શ્રી ભગવાનની મૂર્તિ પર તેમજ પૂજાપાઠ વખતે ફળ-ફળાદી ઉપર વરખ લગાવવાની પરંપરાગત સત્ય શાસ્ત્રમાં નથી. વસ્તુ એ તો અનુભવમાં વસે છે. સૌની વાતોમાં સત્યનો અંશ હોય છે. જેને પોતાની વાતની હઠ અથવા પોતાના સાચાપણાનો આગ્રહ હોતો નથી તેને જ વસ્તુ સ્વરૂપના સાચા દર્શન થઈ શકે છે.

1) વરખ માંસપોથીમાં મુકીને બનાવવામાં આવે છે તે હકીકત શ્રી ચતુર્વિધ જૈન સંઘની સર્વ સંમતિ છે.

2) માંસપોથી બનાવવા માટે હિંસા કરવી જ પડે છે કારણકે માંસપોથી જીવતા જાનવરોની હત્યા કરીને જ બનાવવામાં આવે છે, તે માટે કતલખાના છે. જે જાનવરો કુદરતી રીતે મરે છે તે ક્યાંય મળતા નથી તે માટે કોઈ દુકાન કે કારખાનું નથી માટે હિંસા કર્યા વગર માંસપોથી બને નહિં. માટે હિંસા થતી નથી તે વાત તદ્દન ખોટી છે.

3) પરંપરાગતથી ચાલ્યું આવે છે માટે ભાવધર્મ જરૂરી છે. તે સ્વીકારાય તેમ નથી કારણ કે હત્યા કરીને ભાવધર્મ ઉદ્‌ભવી શકે જ નહિં. માટે ખોટી પરંપરાગતને બદલી શકાય નહિં પણ હિંસા કરાવવા સાથ અપાય તે ધર્મની વિરૂદ્ધ છે. માટે પરંપરાગતને બદલવું તે જ ધર્મ છે. ભાવધર્મ આત્માનો ધર્મ છે, તેમા હિંસા થકી થતી કોઇ ક્રિયાને સ્થાન નથી. વરખ બાહ્ય આડંબર છે, હિંસા છે માટે વરખને શ્રી ભગવંતની પ્રતિમા પર

લગાડવાનું બંધ કરવાનો આદેશ આપવો જોઇએ.

4) શ્રી ચતુર્વિધ સંઘ વરખ હિંસક રીતે માંસપોથીમાં ટીપીને બનાવવામાં આવે છે તેનો સ્વીકાર કરે છે અને બચાવમાં કહે છે કે તે માંસપોથી માટે હિંસા કરવી પડતી નથી પણ તે કુદરતી રીતે મરેલા જાનવરોના બાહ્ય પ્રોડક્સમાંથી માંસપોથી બનાવવામાં આવે છે તેનો જવાબ ઉપર આપેલ છે કે મરેલા જાનવરો માટે દુકાનો નથી અને ક્યાંય મળવા મુશ્કેલ હોય છે. માટે માંસપોથી માટે હિંસા કરવી જ પડે છે આ સત્ય હકીકત છે.

5) પૂજ્ય શ્રી આચાર્ય મહારાજ સાહેબોને સમજાવવા માટે પંડિતવર્ય શ્રી છબીલદાસ કેસરીચંદ સંઘવીએ ઘણાં પ્રયત્નો કર્યા હતા પણ છેવટે તેમણે થાકીને કહ્યું કે શ્રી આચાર્ય મહારાજ સાહેબો સમજવા તૈયાર નથી. પણ તમે તમારા બધા પ્રયત્નો વરખ બંધ કરાવવાના ચાલુ રાખશો અને તમને સફળતા જરૂરથી મળશે. પુણ્ય કમાવવા માટે પાપ કર્મ થાય અને હિંસક રીતે બનેલા વરખ શ્રી ભગવંતની પ્રતિમા પર લગાડતા પાપ કર્મથી બચી શકાશે નહિં. જૈન ધર્મમાં ક્યાંય અને ક્યારેય પાપ અને પુણ્યનો સરવાળો કે બાદબાકી થતી નથી જેથી પાપ, પાપ તરીકે ભોગવવું જ રહ્યું. શ્રી ચતુર્વિધ સંઘે સત્યનો સ્વીકાર કરવો જ રહ્યો અને પરંપરાગત થી ચાલી આવતી વરખની પ્રક્રિયા બંધ કરાવવી જ રહી. સત્યનો સ્વીકાર કરવો ધર્મ છે અને અસત્યને વળગી રહેવુ તે અધર્મ છે.

વરખની આ પુસ્તિકમાં, તે કેવી રીતે બનાવવામાં આવે છે તેના ફોટા તથા સત્ય હકિકતના પુરાવા તથા તેની સમજણ દર્શાવેલ છે. તે હિંસક રીતે જ બને છે તે સિવાય બીજી કોઈ રીતે જ નથી. તે સત્ય હકિકત છે. દરેક સમજદાર અને બુદ્ધિશાળી વ્યક્તિઓએ તે સ્વીકારેલ છે કારણકે તે સત્ય છે. હાલમાં જૈન દેરાસરોમાં, ઘણા જૈન શ્રાવકોએ તેમજ બીજા ધર્મોમાં માનનારાઓએ પણ વરખનો વપરાશ બંધ કરેલ છે. ઘણા તીર્થોમાં તો બોર્ડ ઉપર લખીને મુકવામાં આવે છે કે વરખનો ઉપયોગ કરવો નહિં. પણ ફક્ત જેઓ જડવાડી છે, અંધશ્રદ્ધાળુઓ છે, જેઓ સત્યને અનુભવા તૈયાર નથી, સત્યને સ્વીકારવા તૈયાર નથી. હિંસક રીતે વરખ બને છે

તે સ્વીકારવા તૈયાર નથી. તેઓ વરખ અહિંસક રીતે બને છે તેવી ફક્ત વાતો કરે છે, પણ તેના કોઈ પુરાવા આપી શકતા નથી. પણ તેઓ ફક્ત વાહીયાત વાતો જ કરે છે. તે તદ્દન અસત્ય છે માટે જ કોઈ પુરાવા કે ફોટા આપી શકતા નથી. અહિંસક રીત હોય તો આપી શકે? તે હિંસક રીતે જ બને છે બીજી કોઈ રીત નથી. આ હકિકત શ્રી જૈન આચાર્યો સારી રીતે જાણે છે, છતાપણ આંખ આડા કાન ધરી કશુ જ કરવા તૈયાર નથી. આટલી બધી હિંસા થાય છે તો પણ શ્રી ભગવાનની દેશનાની અવગણના કરી, અહિંસા પરમો ધર્મ ની અવગણના કરી કશુ જ કરવા તૈયાર નથી. વરખ માંસપોથીમાં ટીપીને બનાવવામાં આવે છે તેવુ દરેક શ્રી જૈન આચાર્યો સારી રીતે જાણે છે અને સ્વીકારે છે. છતાપણ તેને અભક્ષ વરખ, હિંસા થકી બનેલા વરખ, શ્રી જિન પ્રતિમા પર કેવી રીતે લગાડાય? કોઈ નો જીવ હણીને બનાવેલ વરખ કેવી રીતે ભાવધર્મ ઉદભવે? આવા હિંસક રીતે બનેલ વરખ શ્રી જિનેશ્વરના મંદિરમાં કેવી રીતે લઈ જઈ શકાય? તેના વપરાશ થી ભાવધર્મ શક્ય નથી. કોઈની હિંસા કરી ભાવધર્મ ક્યાંથી આવે?

આવા હિંસક રીતે બનેલ વરખ વાપરવાથી ભયંકર પાપકર્મો બંધાય છે તેનો બંધ કરવાનો આદેશ ન આપવાથી શ્રી જૈન આચાર્યો, જૈન મુનીઓ અને જૈન શ્રાવકો ભયંકર પાપકર્મ બાંધે છે તે તેમને નરકને માર્ગે લઈ જશે તેને માટે કોઈ શંકા નથી. માટે જૈન સમાજ જાગે અને વરખનો વપરાશ બંધ કરે તે પહેલા શ્રી ચતુર્વિધ સંઘ વિચારે અને આદેશ આપે કે વરખનો વપરાશ બંધ કરો.

શ્રી તીર્થંકર ભગવંત શ્રી નેમીનાથ જ્યારે સંસારિક અવસ્થામાં હતા ત્યારે તેમના જ લગ્ન પ્રસંગે જ્યારે તેઓ જાન અને વરઘોડો લઈને ગયેલ ત્યારે શહેરમાં દાખલ થતાં જ જાનવરોની ચીસો સંભળાઈ ત્યોર તેમને પૂછ્યુ કે આટલી બધી ચીસો શા કારણથી છે? ત્યારે તેમને જવાબ મળ્યો કે તમારા લગ્ન પ્રસંગે આ જાનવરોની હત્યા કરી તેના માંસને જમણવારમાં વપરાશે. તે સાંભળી તેમનો જીવ અકળાઈ ગયો અને મનમાં વિચારો આવ્યા, ભાવના જાગી, ભાવધર્મ ઉદ્‌ભવ્યો કે આટલી બધી હિંસા કરી મારે લગ્ન નથી કરવા અને તરત જ પાછા ફરી ગયા અને પોતે સંસાર છોડી

ત્યાગના માર્ગે જતા રહ્યા અને કેવળજ્ઞાન પામી શ્રી તીર્થંકર પદ પામી મોક્ષે ગયા. સમજવાનું એટલુ છે કે ભાવધર્મ શ્રી નેમીનાથના આત્મામાં જાગ્યો, જાનવરોની ચીસો સાંભળીને, તેમની હત્યાની વાત જાણી અને અહિંસા પરમો ધર્મ નું પાલન કરવા સંસાર છોડી ત્યાગને માર્ગે જતા રહ્યા.

જ્યારે આપણે શ્રી ચતુર્વિધ સંઘ વરખ બનાવવા માટે મોટા પ્રમાણમાં જે હિંસા થાય છે તે જાણવા છતા, જાનવરોની હત્યાની ચીસો સાંભળવા છતા પણ તેવા વરખનો ઉપયોગ બંધ કરવાની આજ્ઞા આપતા નથી. વરખ નો વપરાશ ચાલુ રાખી અને રખાવીને શ્રી ચતુર્વિધ સંઘ નરકનો માર્ગ મોકળો સહેલો બનાવે છે. માટે વહેલામાં વહેલી તકે વરખ બંધ કરવાનો આદેશ આપી તેમને નરકના માર્ગે જતા બચાવે તેવી પ્રભુ પ્રાર્થના.

શ્રી અજીતનાથ ભગવાન દેરાસર દેરકરણ દેવકરણ મેનશન બ્લોક નં. 8 પ્રીન્સેસ સ્ટ્રીટમાં આવેલ છે. તેમાં છેલ્લા ઘણા વર્ષથી વરખનો ઉપયોગ સદંતર બંધ છે. દેરાસરની સાલગીરી વખતે તેમજ બીજા કોઇપણ દિવસે કોઇપણ વ્યક્તિ શ્રી જિન પ્રતિમા પર વરખનો ઉપયોગ કરવાની સખત મનાઇ છે.

## નીચેના તીર્થોમાં/દેરાસરોમાં વરખનો વપરાશ બંધ છે.

શ્રી અજીતનાથ ભગવાન દેરાસર દેવકરણ મેનશન, બ્લોક નં. 7, પ્રીન્સેસ સ્ટ્રીટમાં આવેલ છે. તેમાં છેલ્લા બે વર્ષથી વરખનો ઉપયોગ સદંતર બંધ છે. દેરાસરની સાલગીરી વખતે તેમજ બીજા કોઈપણ દિવસે કોઈપણ વ્યક્તિ શ્રી જિન પ્રતિમા પર વરખનો ઉપયોગ કરવાની સખત મનાઈ છે.

- ✦ કલિકુંડ તીર્થ માં બહાર ગેટ ઉપર જ બોર્ડ લગાવેલ છે કે કોઇપણ જાતનો વરખ ભગવાન ઉપર લગાવવો નહીં.
- ✦ અણસ્તુ તીર્થ (મીયાંગામ) માં કાયમી વરખ જિનાલયમાં વાપરવાનો બંધ કર્યો છે.
- ✦ પાટણ ખાતે રાજકાવાડા ના

જિનાલયો માં પણ વરખ શ્રી સંઘે બંધ કરાવેલ છે.

✦ કચ્છના પણ ઘણા દહેરાસરોમાં ઘણા વખતથી વરખ વપરાતો નથી.

✦ કાત્રજ તીર્થ, પુનામાં પણ વરખ પર પ્રતિબંધ છે.

✦ શ્રી સ્તંભ તીર્થ (ખંભાત) ખાતે આવેલ શ્રી મુનિસુવ્રત સ્વામિનાં ભવ્ય કાંચના દેરાસરમાં પણ વરખ પર પ્રતિબંધ છે. તેમજ મોટા કુભારવાડે આવેલ શ્રી શીતલનાથ ભગવાનનાં દેરાસરમાં પણ વરખ પર પ્રતિબંધ છે.

✦ શ્રી અચલગચ્છ જૈન સંઘ, માલવીયા રોડ, વીલે પાર્લે (ઇસ્ટ), મુંબઇ-57. તેમના પણ દેરાસરમાં વરખ પર પ્રતિબંધ છે.

✦ બનાસકાંઠાના ઘણા બધા દહેરાસરોમાં વરખ વાપરવામાં બંધ કરેલ છે.

✦ શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ (પાર્શ્વધામ) ગુજરાતમાં નડીઆદ નજીક નવું બંધાયેલ જીનાલયમાં પણ વરખ વાપરવાના બંધ કરેલ છે.

✦ અનંતનાથ જૈન દહેરાસર ભાતબજારમાં પણ વરખ વાપરવાના બંધ કરેલ છે.

✦ પાલિતાણામાં આવેલ શ્રી નિત્ય ચંદ્ર દર્શન જૈન ધર્મશાળા તલેટી રોડમાં આવેલ શ્રી આદીશ્વર ભગવાનનાં દહેરાસરમાં પણ છેલ્લા 3 (ત્રણ) વર્ષથી વરખ વાપરવાાન બંધ કરેલ છે.

✦ ભાંડુપ (વેસ્ટ) શ્રી રાજસ્થાન જૈન શ્વેતાંબર મૂ. પૂ. તપગચ્છ સંઘે પણ ત્યાંના શ્રી શંખેશ્વર પાર્શ્વાનથ જૈન મંદિરમાં વરખની પુસ્તીકા વાંચ્યા પછી વાપરવાનાં બંધ કરેલ છે.

✦ નીચેના તીર્થોમાં વરખનો વપરાશ બંધ છે :-

- આબુ દેલવાડા
- આબુ રોડ, તળેટી
- પાવાપુરી, રાજસ્થાન
- ભેરૂતારક, રાજસ્થાન
- શ્રી દેહુરોડ જૈન સંઘ, દેહુરોડ
- શ્રી પાર્શ્વ પ્રજ્ઞાલય, તલેગાંવ

- શ્રી ધર્મચક્ર, નાશિક
- શ્રી શામળા પાર્શ્વનાથ, શામળાજી
- શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ, સીલ્વર પાર્ક
- શ્રી શાંતીનાથ જૈન સંઘ, ચાલીસ ગાંવ
- શ્રી અમીઝરા પાર્શ્વનાથ
- શ્રી સાચા સુમતિનાથ
- શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ, કુંભોજગીરી
- શ્રી ગોડીજી પાર્શ્વનાથ, ભાવનગર
- શ્રી સિમંધર સ્વામી, ભાવનગર
- શ્રી ધર્મનાથ ભગવાન, ગીરીરાજ જ્ઞાનમંદિર, પાલીતાણા

✦ પુસ્તકના વાંચન પછી ઘણા જૈનોએ વરખ વાપરવાના બંધ કરેલ છે.

## શ્રી સકળ જૈન સંઘને નમ્ર વિનંતી

વરખ હિંસક રીતે જ બને છે તે સત્ય હકીકત છે તે માટે શ્રી ચતુર્વિધિસંઘમાં પણ મતભેદ નથી. સર્વ જગત વરખ બનાવવાની પ્રક્રિયા હિંસા થકી થાય છે તેનો સ્વીકાર કરે છે. વરખ બનાવવાની બીજી કોઇ પ્રક્રિયા નથી તેનો પણ સ્વીકાર કરે છે. પ. પૂ. આચાર્ય મહારાજ સાહેબ પણ સ્વીકાર કરે છે પણ તેઓને હિંસાથકી બને છે તેનો વાંધો નથી તેવું માનવુ છે પણ ભાવધર્મના બહાના હેઠળ હિંસાથકી બનતા વરખ શ્રી તીર્થંકર ભગવંતની પ્રતિમા પર લગાડવામાં વાંધો નથી તે બીલકુલ અસંગત છે. તેઓનું એવું માનવુ છે કે સોનુ, ચાંદી પવિત્ર ધાતુ છે તે માટે બે મત નથી. પણ જાનવરોની હત્યા કરી તેમાંથી બનાવેલ માઉસ પોથીમાં વચ્ચે મુકવાથી તેની પવિત્રતા જળવાતી નથી. તેમના કહેવા મુજબ સોના, ચાંદી ની પવિત્રતા જળવાય છે તો હિંસાથકી બનાવેલ પોથી પણ શું પવિત્ર થઇ જાય? તો શું તેનો ઉપયોગ થઇ શકે? ના થઇ શકે બન્ને અભક્ષ છે જેની પવિત્રતા જળવાઇ નથી. તેઓનો જવાબ તબલામાં સીધુ ચામડુ વપરાય છે પણ તેને

પણ બંધ કરવાનો આદેશ કેમ આપતા નથી. તબલાની જોડે શ્રી તીર્થંકરની પ્રતિમા જોડે કોઇ નિસ્બત નથી તથા તેની સરખામણી કરવી અયોગ્ય છે.

શ્રી તીર્થંકર ભગવંતે તેમની દેશનામાં કહેલ છે કે તમે સત્યનો અનુભવ કરીને પછી જ તેનો સ્વીકાર કરો. હું કરું છુ માટે પણ નહી. અંધશ્રધ્ધાથી ધર્મનો સ્વીકાર કરવો નહી. માટે સત્યને અનુભવો. જ્યારે આપણે સત્યનો અનુભવ થવા છતાં પણ તેનો સ્વીકાર કરવા તૈયાર નથી વરખની પ્રક્રિયા હિંસક રીતે થાય છે તે સત્ય હકીકત અનુભવવા છતાં પણ તેની અવગણના કરવી તે શ્રી તીર્થંકર ભગવંતની દેશનાની વિરૂધ્ધ છે તે ધર્મ નથી. માટે શ્રી જૈન સમાજ અસંખ્ય જીવોની હિંસાના પાપમાંથી બચવું હોય તો વરખ જૈન મંદિરોમાં તેમજ ખાદ્ય વસ્તુઓ ઉપર તેનો ઉપયોગ બંધ કરવાની આજ્ઞા આપે. તેમ કરવાથી શ્રી તીર્થંકર ભગવંતની દેશનાને આચરણમાં મુકવાનો લાભ મળશે. આ નિર્ણય તમે જાતે લઇ શકો છો તેમજ બધા સંઘો ભેગા મળી ને પણ લઇ શકે છે. શ્રી જૈન મંદિરોમા વરખ બંધ કરવા માટે તેના ટ્રસ્ટીઓ નિર્ણય લઇ શકે છે. તેમાં કોઇની આજ્ઞાની જરૂરત નથી. ઘણા સંઘોએ તેમજ ઘણા શ્રી જૈન મંદિરના ટ્રસ્ટીઓએ આ નિર્ણય લીધેલ છે માટે જેઓ શ્રી તીર્થંકર ભગવંતના અહિંસા ધર્મને સ્વીકારતા હોય તેઓ સર્વોએ જાતે અથવા સામુદાયિક નિર્ણય લેવો જ જોઇએ અને વરખનો ઉપયોગ સદંતર બંધ કરવો જોઇએ.

હિંસા થકી ક્યારેય ભાવધર્મ ઉત્પન્ન થઇ શકે જ નહી. ભાવધર્મ માટે આપણી પાસે અસંખ્ય પ્રક્રિયાઓ છે તો શા માટે માઉસની પોથીમાં મુકાઇને ટીપાઇને બનેલા વરખ શ્રી ભગવંતની પ્રતિમા પર લગાડી પાપ કર્મ બાંધવુ. પ. પૂ. આચાર્ય શ્રી પદ્યુમન વિજયજી સાહેબે 12/13 વર્ષ પહેલા શ્રી ગોડીજી જૈન ઉપાશ્રયમાં વ્યાખ્યાનમાં વરખની અપવિત્રતા સમજાવેલ અને વરખ શ્રી જિન પ્રતિમા પર ન વપરાય તેવો ઉલ્લેખ કરેલ. માટે મારી શ્રી સકળ જૈન સંઘોને નમ્રતાપૂર્વક વિનંતી છે કે વરખ ન વાપરવા માટેનો આદેશ આપતો ઢંઢેરો બહાર પાડવો અને દરેક જૈન મંદિરના ટ્રસ્ટીઓ પણ આવો આદેશ આપે જેથી જૈન સમાજ જેઓ વરખનો ઉપયોગ કરે છે તો એ પાપકર્મથી બચે.

વિશ્વ માત્રના પ્રાણીઓ પર જીવદયાનાં પરીણામો ઉત્પન્ન થાય, પ્રભુની આજ્ઞાનું પાલન થાય, ઘણા પાપ કર્મો તૂટે, દીર્ઘાયુ આરોગ્ય મળે અને પ્રભુના વચન પાળવાથી ઉત્તરોત્તર આત્મા શાશ્વત સુખનો ભોક્તા બને એજ અભ્યર્થના.

વરખ હિંસક રીતે જ બને છે તે શ્રી જૈન ગચ્છાધિપતી તેમજ શ્રી જૈન આચાર્યો મહારાજો તથા સાધુઓ તેમજ શ્રી ચતુર્વિધ સંઘ સારી રીતે જાણે છે છતા તેનો વપરાશ બંધ કરવાનો આદેશ આપતા નથી કારણ તો તેમનો આત્મા જાણે. તેઓ ધર્મભાવના નામે ધર્મક્રિયા ચલાવી લેવા માગતા હોય પણ તેથી વરખ બનાવવાની પ્રક્રિયા તો હિંસક જ રહે છે માટે તે ધર્મની વિરૂધ્ધ છે. માટે ભાવધર્મની ઢાલ અર્થ વગરની બની જાય છે. વરખ બંધ કરવાનો આદેશ ન આપીને ભાવધર્મના નામે હિંસાને પ્રોત્સાહન આપવુ, અનુમોદન આપવુ તે ધર્મની વિરૂધ્ધ છે. અને મહા પાપ કર્મ બંધાય છે.

ભાવ એટલે શું? ભાવ આત્મામાં સમ્યક્ દર્શનથી અને મનમા શુદ્ધ વિચારો થકી જો મન ત્યાગમય, તપમય બને અને મન લોભ, મોહ, માયા, માન, રાગ, દ્વેષ રહિત બને તો જ મોક્ષના માર્ગે જવાના ભાવો ઉદ્ભવે. બાહ્ય આડંબર અને હિંસક વરખનો ઉપયોગ કરીને મોક્ષના માર્ગે જવાના ભાવો ઉદ્ભવી શકે જ નહિં. શ્રી જૈન મંદિરોમાં હાલમા થતી ક્રિયાઓ હિંસામય અને આડંબરરૂપી સમાજના એક વ્યવહાર રૂપી ક્રિયા બની ગઈ છે. આત્માનુ તો તેમા કોઈ સ્થાન જ રહેવા દીધુ નથી માટે જો ભાવધર્મ પામવો હોય તો આત્મામા જાવ, જુઓ, જાણો અને પામો. માટે ભાવધર્મની ઢાલ અર્થ વગરની બની જાય છે અને તેવા ભાવધર્મને નામે હિંસાને પ્રોત્સાહન આપવુ અનુમોદના આપવુ ધર્મની વિરૂધ્ધ છે.

વરખ અહિંસક રીતે બને છે તેવા ખોટા, જુઠ્ઠા પ્રચારો કરાવડાવે છે પણ કોઈ પુરાવા આપી શકતા નથી. તેમા સત્ય ના હોય તો પુરાવા ક્યાંથી આપે? નેટ ઉપર જલંધરા નામના એક માણસ પાસે ખોટો દાવો કરાવ્યો કે અમે જર્મન કોલોબરેશન થકી અહિંસક વરખ બનાવીએ છીએ. જ્યારે ''બ્યુટી વીધાઉટ ક્રુઅલટી'' બીન સરકારી સંસ્થાએ તપાસ કરી ત્યારે તેમને

આપેલુ સરનામુ તેમજ જર્મન કોલોબરેશનની બધી જ વીગતો બોગસ નીકળી કોઈ પુરાવા આપી શક્યા નહિં જેથી પુરવાર થાય છે કે વરખ અહિંસક રીતે બનતુ નથી. ફક્ત હિંસક રીતે જ બને છે બીજી કોઈ પ્રક્રિયા નથી.

વરખ બનાવવાની પ્રક્રિયામાં ચાંદી સીવાય બીજી ધાતુઓ મીક્સ કરે છે જે પચાવવામા મુશ્કેલ છે જેથી કેન્સર જેવા રોગો થાય છે માટે સ્વાદ વગરના વરખ, હિંસક રીતે બનતા વરખનો વપરાશ કરી પાપ કર્મ અને દુખ ઉભ કરવુ તે ધર્મની વિરૂદ્ધ છે. એક કીલો ગ્રામ વરખ બનાવવા માટે 12500 પ્રાણીઓની કતલ કરવી પડે છે. દર વર્ષે દેશમા 30,000/- કીલો ગ્રામ (30 ટન) થી વધુ વરખ જોઈએ છે તો 12500 પ્રાણીઓ નો 30,000 કીલોગ્રામ નો ગુણાકાર કરીએ તો 3,75,000,000 પ્રાણીઓની કતલ થાય છે. આ પ્રાણીઓના કતલનુ પાપ તમારે જ ભોગવવાનું છે તેમ ધર્મ કહે છે. માટે તમે જાગો, વિચારો અને અંધશ્રદ્ધાને તિલાંજલી આપી વરખનો વપરાશ ન કરવાની પ્રતિજ્ઞા લો તો જ પાપમાથી બચશો.

માટે શ્રી જૈન ગચ્છાધિપતી, શ્રી જૈન આચાર્ય સાહેબ મહારાજ સાહેબ તથા સાધુઓ તથા શ્રી ચતુર્વિધિ ને આગ્રહભરી નમ્ર વિનંતી કરૂ છુ કે વરખનો વપરાશ બંધ કરવાનો આદેશ તુરત જ આપો જેથી આટલા મોટા પ્રમાણમા થતી હિંસા ન થાય. તમે શ્રી ભગવાન મહાવીરના જૈન ધર્મનો મૂળ સિધ્ધાંત "અહિંસા પરમો ધર્મ" નું પાલન કરવાની પ્રતિજ્ઞા લીધેલ છે માટે 'વરખ' બંધ કરવાનો તુરત જ આદેસ આપો નહિ તો નરકનો માર્ગ સર્વે માટે સરળ બનશે. માટે તુરત જ અમલ કરવાની વિનંતી કરૂ છું.

**લી. નવિનચંદ્ર કેશવલાલ કાપડીઆ**

# સમજૂતી... વરખની સુંદરતામાં રહેલી અસુંદરતા!

ગૌ-ચર્મના અંદરના પડને તીક્ષ્ણ હથિયાર વડે ખેંચીને બહાર કાઢતો એક નિર્દયી ક્રૂર હાથ! આનો ઉપયોગ વરખ બનાવવા માટે થશે.

ગાય-બળદના કતલ બાદ આંતરડાંને લોહી-માંસ સાથે ખેંચી કાઢવામાં આવે છે. એ કોઇ આડ-પેદાશ (બાય-પ્રોડક્ટ) નથી. માંસ અને હાડકાની જેમ જ આ આંતરડાંને વજનના હિસાબે કતલખાના દ્વારા વેચવામાં આવે છે.

આ આંતરડું 35 ફીટ લાંબુ અને 3 ઇંચ ના ડાયામીટરવાળું હોય છે, જેમાંથી 9 ઇંચ x 11 ઇંચના ટુકડાઓ કરવામાં આવે છે.

આ ટુકડાઓમાંથી 170 પાનાની 'માસ-પોથી' (ચોપડી) તૈયાર કરવામાં આવે છે. ચાંદીની પાતળી પટ્ટીમાંથી નાના-નાના ટુકડા કરવામાં આવે છે. આ ચાંદીના ટુકડાને કારીગર 'માંસ-પોથી' ના બે પાનાની વચ્ચે ગોઠવી રહ્યો છે.


ગૌમાંસ-પોથીમાં ચાંદીની પતરી ગોઠવ્યા બાદ કારીગર તેને હથોડા વડે કૂટી રહ્યો છે, પરિણામે 3''કપ'' ની ચાંદીની ફોઇલો તૈયાર થાય છે. તેનું વજન આશરે 10 ગ્રામ જેટલું થાય છે. પ્રત્યેક વરખની જાડાઇ 0.0063 માઇક્રોન જેટલી હોય છે અને તે 200/- રૂા. ના ભાવે વેચાય છે.

કારીગરો ટીપવાનું શરૂ કર્યું... થોડીવાર પછી તે જુએ છે કે ચાંદીની પતરી કેટલી મોટી થઇ, પણ સાથે બીજું આ લાલ-લાલ શું છે? ગૌમાતાનું રક્ત! વરખને અભડાવતું, વરખને ત્યાજ્ય બનાવતું રક્ત.

- એક પરિવાર દર વર્ષે સરેરાશ 50 કિલો મીઠાઇ ખાતું હોય તો 10 વર્ષમાં 400 કિલો વરખવાળી મીઠાઇ ખાવા પાછળ એક 'ગૌમાતા' હોમાઇ જાય છે.
- ભારતમાં દર વર્ષે 285 ટચ ચાંદીના વરખ બને છે. આ માટે 5,26,000 ગાયો તેમજ વાચરડાંઓના આંતરડા અને 18,400 પ્રાણીઓનું ચામડું વપરાય છે!

મુક-પ્રાણીઓને જીવનદાન આપવા માટે ટાળવા યોગ્ય હિંસાને આપણે નહીં ટાળીએ તો ગૌહત્યા બંધ કરવાનો નારો એ ઢોંગમાત્ર બની રહેશે. તો આગળ આવો, આપણે સૌ સાથે મળીને વરખના ઉપયોગનો વિરોધ કરીએ અને અહિંસા ધર્મ પાળી મહાવીર, બુદ્ધ, કૃષ્ણ અને મહાત્માની આ ભૂમિમાં અહિંસાનું વાવેતર કરીએ.





## શું મીઠાઈ 'નોનવેજ' છે?

**અહિંસા જેમનો સ્વભાવ છે એવા સ્વજનો,**

મીઠાઇ હોય કે મુખવાસ, વરખની સજાવટ આપણા માટે ત્યાજ્ય છે. ખાન-પાનમાં તેનો ઉપયોગ માનવતાંની વિરુધ્ધ છે. જે વરખથી સ્વાદમાં ફરક પડતો નથી, જે માત્ર શોભાની વસ્તુ છે, તે વરખ કઇ રીતે બને છે તેની પ્રક્રિયા વિશે આપે કદી વિચાર્યુ છે?

## ।। વંદે ગૌ માતરમ્ ।।

જ્યાં સુધી માણસ પોતાની કરુણાનું વર્તુળ બધાં જીવંત પ્રાણીઓ સુધી નહીં વિસ્તારે ત્યાં સુધી તેને પોતાને પણ શાંતિ નહી મળે.

**- આલ્બર્ટ શ્વાઇટ્ઝર**

MULTY GRAPHICS
(022) 23873222 23884222